પ્રવેશપત્ર મેળવવાની છેલ્લી તા.૩૧/૦૫/૧૬
પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તા.૦૬/૦૬/૧૬

# ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર

## યોજનાનું નામ:- જૂની રંગભૂમિના નાટકોનું પુનઃનિર્માણ હેઠળ આર્થિક સહાય

## પ્રવેશપત્ર વર્ષ ૨૦૧૬-૧૭

ફોટોગ્રાફ્સ

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | દિગ્દર્શકનું નામ | |
| ૨ | દિગ્દર્શકનું સરનામું અને ફોન નંબર (મોબાઇલ નંબર સહિત) | |
| ૩ | દિગ્દર્શક નાટ્ય ક્ષેત્રે કેટલા વર્ષથી કાર્યરત છે તેની વિગત (પુરાવા રજુ કરવા) | |
| ૪ | આ યોજના હેઠળ રજુ કરવા માગતા નાટકનું નામ તથા તેનો ટૂંકસાર (સ્ક્રીપ્ટ તથા તેના રાઇટસ અરજદારે જાતે મેળવવાના રહેશે. અકાદમીની આ અંગે કોઇ જવાબદારી રહેશે નહી.) | |
| ૫ | દિગ્દર્શકે પાંચ ફુલલેન્થ નાટકનું દિગ્દર્શન કર્યુ છે. તે અંગેની વિગતો (અસલ પુરાવા રજુ કરવા) | |

ઉક્ત વિગતો સંપૂર્ણ સાચી અને સત્ય હોવાની ખાતરી આપુ છું તેમજ ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ તથા ભવિષ્યમાં થનાર સુધારા વધારાને અમલ કરવા બંધનકર્તા રહીશ.

સ્થળ:-

તારીખ:-

અરજદારની સહી........................................

## જૂની રંગભૂમિના નાટકોનું પુન: નિર્માણ કરવા અંગેની યોજનાના નિયમો

૧. જે દિગ્દર્શકોએ ઓછામાં ઓછા પાંચ ફુલલેન્થ નાટકોનું દિગ્દર્શન કર્યું હોય તેવા અનુભવી દિગ્દર્શકોને આ યોજનાનો લાભ આપવામાં આવશે. પીઢ દિગ્દર્શકોને પ્રાધાન્ય અપાશે. પરંતુ આ "જૂની રંગભૂમિના નાટકનું પુન:નિર્માણની યોજના" હેઠળ પ્રત્યેક દિગ્દર્શકને માત્ર એક જ વાર લાભ આપવામાં આવશે. ફરીથી લાભ આપી શકાશે નહી.

૨. મંજૂર કરવામાં આવેલ નાટકના નિર્માણ ખર્ચ પેટે રૂ. ૫૦,૦૦૦/- આપવામાં આવશે. તથા પ્રત્યેક શૉ ના મંચન માટે રૂ.૧૫,૦૦૦/- ચુકવવામાં આવશે. આમ, પ્રોડક્શનના રૂ. ૫૦,૦૦૦/- તથા શૉ દીઠ રૂ. ૧૫,૦૦૦/- લેખે ૧૦ શૉ ના રૂ. ૧.૫૦ લાખ મળી કુલ રૂ. ૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પૂરા) પ્રત્યેક દિગ્દર્શકને ચુકવવામાં આવશે.

૩. જૂની રંગભૂમિના નાટકનું પુન:નિર્માણ કરતી વખતે અસલ શૈલી જાળવી રાખવાની રહેશે. જેવી કે નાટકનું સંગીત, નાટકના ગીતો તથા તેના પડદાઓ અંગે ખાસ ધ્યાન રાખવાનું રહેશે. મંજૂર કરવામાં આવેલ નાટકના ૧૦ શૉ જુદા જુદા સ્થળોએ રજૂ કરવાના રહેશે. એક જ સ્થળે બે શો કરી શકાશે નહી.

૪. મંજૂર કરવામાં આવેલ નાટકના લાઇવ શો રજૂ કરવાના રહેશે. રેકોર્ડેડ નાટક રજૂ કરી શકાશે નહી. સ્ક્રીપ્ટ નાટક મંજૂર થયેથી દિન-૧૦ માં રજુ કરવાની રહેશે. તથા નાટકનો પ્રથમ શો નાટકની ફાળવણીની તારીખથી ૪૫ દિવસમા કરવાનો રહેશે. પ્રથમ શો જે તે નીમાયેલ/નીમાનાર તજજ્ઞશ્રીને બતાવવાનો રહેશે. અત્રેની જાણ હેઠળ નાટકના બ્લોક શો/ટીકીટ શો કરી શકાશે પણ યોજના અંતર્ગત ફાળવેલ નાટકના શો સામાન્યત: નિ:શુલ્ક કરવાના રહેશે તેમ છતા ટીકીટ શો કરવા માંટે રાજ્ય બહાર વૃંદોની યોજના અંતર્ગતના નિયમોની જેમ બ્લોક શો/ ટીકીટ શો ની કુલ આવકના 30% રકમ કલાકાર કલ્યાણનિધીમાં સ્વેચ્છાએ જમા કરાવવાની રહેશે. બ્લોક શો/ ટીકીટ શો કરેલ હશે તે માહિતી નહી આપેલ હોય તો આખરી ચૂકવણા વખતે સ્કીમની કુલ રકમના ૫% લેખે કપાત કરવામાં આવશે. જે તે નાણાકીય વર્ષમાં નાટકના તમામ શો પૂર્ણ કરવાના રહેશે.

૫. નાટકના પ્રત્યેક શો માં સ્પષ્ટપણે વાંચી શકાય તે રીતે "રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી પ્રસ્તુત" બેનર મૂકવાનું રહેશે.

૬. નાટકના પ્રત્યેક શો ના પાંચ ફોટોગ્રાફ્સ તથા એક શો ની સી.ડી./ ડી.વી.ડી. રજૂ કરવાના રહેશે. જેમાં બેનર મૂક્યું હોય તેવા અને પ્રત્યેક શો ના સ્થળ અને તારીખ વાંચી શકાય તેવા ફોટોગ્રાફ્સ અવશ્ય રજૂ કરવાના રહેશે. નાટકના શો જે તે વર્ષની ૩૧ માર્ચ પછી કરવા માટે પરવાનગી લેવાની રહેશે તથા નાટક ફાળવણી તારીખથી ૩ માસમાં તમામ શો પૂરા કરવાના રહેશે. ૩૧ માર્ચ પછી રજૂ થયેલ શો માટે પ્રતિ માસ ૫% લેખે તમામ બાકી શો દીઠ કપાત કરવામાં આવશે.

૭. જે સ્થળે નાટકનો શો રજૂ કર્યો હોય ત્યાંની આયોજક સંસ્થાના શો રજુ કર્યા અંગેના સર્ટિફિકેટ ફરજીયાત રજૂ કરવાના રહેશે. (હોલ બુકીંગ અંગેની પહોંચ, જે સંસ્થાના સહયોગથી નાટક રજૂ કર્યુ હોય તે સંસ્થાનું પ્રમાણપત્ર, જે ગામમાં, કૉલેજ, શાળામાં નાટક રજૂ કર્યું હોય તેના અનુક્રમે સરપંચ, પ્રિન્સીપાલનું પ્રમાણપત્ર)

૮. નાટકના મંચના માટે સ્થાનિક યજમાન સંસ્થા તથા સ્થાનિક સહયોગ દિગ્દર્શકેપોતાની રીતે મેળવવાનો રહેશે.

૯. રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નિયત પ્રફોર્માની અંદર બાંહેધરી રજૂ કરવાનું રહેશે.

૧૦. બાંહેધરી પત્ર મળ્યા બાદ પ્રોડક્શન ગ્રાન્ટ અંગેના રૂ. ૫૦,૦૦૦/- એડવાન્સ પેટે ચૂકવવામાં આવશે.

૧૧. કોપીરાઇટ એક્ટ હેઠળની આ નાટકની તમામ જવાબદારી દિગ્દર્શકની રહેશે.

૧૨. નાટ્ય લેખકની મંજૂરી તથા પ્રમાણપત્ર બોર્ડનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૩. નાટ્યપ્રયોગ વખતે સ્થાનિક સત્તાવાળાની જરૂરી મંજુરી મેળવવાની તમામ જવાબદારી દિગ્દર્શકની રહેશે.

૧૪. આ યોજના હેઠળ અરજી કરનાર અરજદારોના તજજ્ઞો દ્વારા ઇન્ટરવ્યુ લેવામાં આવશે. તે પૈકી ગુણવત્તા અને પાત્રતાને ધ્યાને લઇને દિગ્દર્શકોની આખરી પસંદગી કરવામાં આવશે. તજજ્ઞોના અભિપ્રાયના આધારે સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી રહેશે.

૧૫. ઇન્ટરવ્યુમાં હાજર રહેવા અંગેનો પ્રવાસ ખર્ચ અરજદારે પોતાના ખર્ચે કરવાનો રહેશે.